## જન્મદિને વધામણી


દોલત ભટ્ટ
વરિષ્ઠ સાહિત્યકાર અને કોલમિસ્ટ
મો. ૯૮૨૫૫ ૨૬૨૫૫


સંદીપકુમાર પંઢરીનાથ જગતાપ
મો. ૯૮૨૪૦ ૦૩૦૧૨


શિવાભાઈ ભોજાભાઈ વણકર
મો.૯૯૧૩૫ ૯૮૭૯૪


અલ્કેશ એ પ્રજાપતિ


ઉર્વશી સંજયકુમાર શાહ
મો. ૯૯૭૮૨ ૮૧૦૧૫


મોહંમદ વસીમ સૈયદ


સોનલ વાસુદેવ ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨


દ્દષ્ટિ આશિષભાઈ ચૌહાણ
મો. ૯૪૨૮૯ ૧૦૯૬૫


હેમાંગ હરેશકુમાર જોષી
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬

# મુખ્યમંત્રી સાથે મહિલાઓ, વિદ્યાર્થીઓનાં સંભારણાં





આ તસવીર ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાના પોડિયમની છે. ગુજરાત રાજ્યનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રીને સહજ ભાવે મળવા વિધાનસભાના આ અંદાજપત્ર સત્ર દરમ્યાન દરરોજ બેથી ત્રણ હજાર નારીશકિત, યુવાવર્ગો, સામાન્ય નાગરિકો અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ રીતસર મેળાવડો જમાવે છે. વિધાનસભાની કાર્યવાહિ નિહાળ્યા બાદ આ સૌ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલને વિધાનસભા પોડિયમમાં ઉત્સાહ-ઉમંગથી મળે છે અને પોતપોતાના ગૃપની મુખ્યમંત્રીશ્રી સાથે તસવીર લેવરાવી ક્ષણોને કાયમી સંભારણું બનાવે છે. આ શૃંખલામાં મંગળવારે મુખ્યમંત્રીને પંચમહાલ, વડોદરા અને દાહોદ જિલ્લાની મહિલા સુરક્ષા સમિતીની ૧૦૦૦ જેટલી ગ્રામીણ માતા-બહેનો, વિધાનસભા અધ્યક્ષના મતક્ષેત્ર માંગરોળ-ઉમરપાડાની કોલેજોના યુવા વિદ્યાર્થીઓ અને તાપી જિલ્લાના ૭ તાલુકાના ૪૫૦ જેટલા નવનિયુક્ત પદાધિકારીઓ મળ્યા હતા.

### નારદીપુર ગ્રામ સેવા મંદિર સંચાલિત

# ભટ્ટ હીરાલાલ પ્રાથમિક શાળા ખાતે વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૧૬

નારદીપુર ગ્રામ સેવા મંદિર સંચાલિત ભટ્ટ હીરાલાલ વાડીલાલ ચેરીટીઝ પ્રાથમિક પ્રાયોગિક શાળા ખાતે ધોરણ-૮માં અભ્યાસ કરતાં બાળકોને શુભેચ્છા આપવા માટે તથા વાર્ષિકોત્સવની ઉજવણી માટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાનાં બાળકો દ્વારા બેટી બચાવો વિષયક ડાન્સ, કવ્વાલી, ગીત, નાટ્ય જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન રાજુભાઈ એન પટેલ, નારદીપુર કેળવણી મંડળના નરેન્દ્રભાઈ પટેલ,



હોદ્દેદારો, સંસ્થાના નિયામક અને મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા અને ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. નિવૃત્ત આચાર્ય પી એમ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાનાં બાળકોને બિરદાવ્યાં હતાં.

મુખ્ય મહેમાન દ્વારા દરેક બાળકને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાનો તેમણે પચીસ હજાર રૂપિયાનું દાન આપી કાર્યક્રમના ઉત્સાહમાં અનેકગણો વધારો કરી દીધો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..

**સ્ક્રીન-૩**
લંડન હેઝ ફૉલન (અંગ્રેજી)
૫.૦૦
લંડન હેઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦

## ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે નેચરોપેથીસ્ટના કોર્સમાં પ્રવેશ જોગ

ગાંધીનગર, તા. ૧૬

સ્વ. જે જે બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા (ફોન : ૨૩૯૭૬૭૧૮, મો. ૮૪૦૧૧ ૧૩૧૨૪) ખાતે એપ્રિલ ૨૦૧૬થી નેચરોપેથીસ્ટ (કુદરતી ઉપચારક)નો સાડા ત્રણ માસનો સર્ટિફીકેટ કોર્સ શરૂ થઈ રહ્યો છે. આ કોર્સમાં જોડાવા ઈચ્છતા લોકોએ કેન્દ્રમાં રૂબરૂ આવી તા. ૨૫ માર્ચ પહેલાં પ્રવેશ ફોર્મ ભરી જવું એમ આ અંગેની એક અખબારી યાદીમાં મુખ્ય ચિકિત્સક ડૉ. ધર્મેશ પટેલે જણાવ્યું છે.

આઠમું ધોરણ પાસ અથવા તો નાપાસ ભાઈ, બહેન આ કોર્સમાં જોડાઈ શકે છે. વધુ વિગતો માટે કેન્દ્રનો સંપર્ક કરવો તથા કોર્સ માટે ઉમેદવારો મર્યાદિત સંખ્યામાં લેવાના હોવાથી પ્રવેશનું ધોરણ ‘વહેલા તે પહેલા’ રહેશે. આ કારણથી જે કોઈ વ્યક્તિ આ કોર્સમાં જોડાવા ઈચ્છતા હોય તેમણે કેન્દ્રનો વહેલામાં વહેલી તકે સંપર્ક કરવો એમ તેમણે આ અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# સ્વયંસિદ્ધા ફાઉન્ડેશન તરફથી ડોટર્સ ઓફ ગુજરાત એવોર્ડ



ગાંધીનગર, તા. ૧૬

વર્લ્ડ ડોટર્સ ડે નિમિત્તે સ્વયંસિદ્ધા ફાઉન્ડેશન તરફથી ડોટર્સ ઓફ ગુજરાત એવોર્ડ-૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ફાઉન્ડેશનના રાકેશ વ્યાસ-વનિતા વ્યાસ, ડૉ. સંદિપજોત સિંગ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ મહાનગર પાલિકાના મેયર ગૌતમભાઈ શાહ, બ્રહ્માકુમારી શારદાદીદી, ડો. કાનન દેસાઈ, ડો. રવિ ગૌર, રૂઝાન ખંભાતા ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. એચ કે હૉલ, અમદાવાદ ખાતે ગુજરાતના વિવિધ વર્ગોમાંથી નેશનલ, ઈન્ટરનેશનલ લેવલે જે દીકરીઓએ નામના મેળવી છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. લિટરેચર સ્પોર્ટ્સ, બ્રેવરી એન્ડ સ્પેશિયલ એચીવમેન્ટ, સોશિયલ એન્ટરપ્રિનીયોરશીપ અને મ્યુઝીક, ડાન્સ, ડ્રામા કેટેગરીમાં ઉત્તમ યોગદાન બદલ આ એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

લિટરેચર વિભાગમાં કાઝલ ઓઝા વૈદ્ય, ઉષા ચતુર્વેદી, ડૉ. અંજના વ્યાસ, અલમાસરા જુનેજા, સ્પોર્ટ્સ વિભાગમાં ક્રિષ્ના રાના, માના પટેલ, અંકિતા રૈના, હિર રાવલ, મીરા એરડા, બ્રેવરી અને સ્પેશિયલ એચિવમેન્ટ વિભાગમાં કલગી રાવલ, ડૉ. પૃથા દેસાઈ, દેવલ ચારણ, ડૉ. વાચિની ભટ્ટ, પાયલ ઘોડાદરા, સોશિયલ એન્ટર-પ્રિનિયોરશીપ વિભાગમાં હિના શાહ, ભરતીબા સોઢા, દેવીના કોઠારી, હેતલ અમીન, નંદિની રાવલ, ડૉ. શીતલ દેસાઈ અને મ્યુઝીક, ડાન્સ, ડ્રામા વિભાગમાં માના રાવલ, મૌસમ-મલકા મહેતા અને ઘુમા મહેતાને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

# ‘ઈન્ડિયા ટ્રાવેલ માર્ટ’ ૧૮મીથી અમદાવાદમાં

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના મુખ્ય પર્યટન પ્રદર્શન ‘ઈન્ડિયા ટ્રાવેલ માર્ટ’નો તા. ૧૮ માર્ચથી અમદાવાદ ખાતે પ્રારંભ થઈ રહ્યો છે. આ પ્રદર્શન તા. ૨૦ માર્ચ સુધી ચાલશે.

આ અંગેની માહિતી આપતાં ઈન્ડિયા ટ્રાવેલ માર્ટના અજય ગુપ્તા દ્વારા જણાવવામાં આવ્યું છે કે ડાયમંડ હોલ, રાજપથ ક્લબ, અમદાવાદ ખાતે સવારે ૧૧થી ૭ દરમ્યાન આ પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આજની જીવનશૈલી તણાવથી ભરેલી છે. આવી સ્થિતિમાં દરેક વ્યક્તિ શાંતિની બે પળો શોધે છે. મોટાભાગના લોકો રજાઓ ગાળવા માટે, ફરવા માટે નવાં વિસ્તારોની શોધમાં હોય છે.

આ બધાં જ પાસાઓને ધ્યાનમાં રાખીને આ ટ્રાવેલ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પર્યટકોને વિશેષ રૂપે તૈયાર કરવામાં આવેલા પૅકેજ પ્રાપ્ત થશે અને આવા અનેક પૅકેજમાંથી પોતાની મરજી પ્રમાણેનું પૅકેજ પસંદ કરવાની તક પણ મળશે.

આ પ્રદર્શનમાં અનેક રાજ્યોનાં પ્રવાસન વિભાગો, ટ્રાવેલ ઓપરેટર્સ, ટ્રાવેલ એજન્ટ્સ, ટ્રાવેલ પોર્ટલ, હોટલ અને રિસોર્ટ્સ ક્ષેત્રો સાથે જોડાયેલા લોકો ભાગ લઈ રહ્યા છે અને તેમના દ્વારા વેકેશન, વીક એન્ડ ગેટવે, ફેમિલી હોલીડે, હનીમૂન પૅકેજ, બિઝનેસ ટ્રીપ, એડવેન્ચર, વન્યજીવ, તીર્થ યાત્રા વગેરે પ્રવાસો ઓફર કરવામાં આવશે. પરિવાર સાથે આવનારાં બાળકો માટે આ પ્રદર્શન અંતર્ગત પર્યટન થીમ આધારિત ચિત્ર સ્પર્ધા અને પર્યટન પ્રશ્નોત્તરી પણ યોજવામાં આવી છે, જેમાં કોઈપણ વયનાં બાળકો ભાગ લઈ શકે છે.

# અમદાવાદ ખાતે થર્ડ આઈ ફાઉન્ડેશન દ્વારા જ્યોતિષ સંમેલનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૬

થર્ડ આઈ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા આજથી બે દિવસીય જ્યોતિષ સંમેલનનું આયોજન નરોત્તમ ઝવેરી હોલ, પાલડી ખાતે કરવામાં આવ્યું છે.

થર્ડ આઈનાં ડિરેક્ટર વિશ્રુતાશ્રી ત્રિવેદીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે સંમેલનમાં ભારત અને બહારથી ૬૦૦થી વધુ જ્યોતિષીઓ ભાગ લઈ રહ્યા છે. આ અંગે વધુ માહિતી આપતાં જાણીતા મહિલા જ્યોતિષી મૌલી રાવલે જણાવ્યું કે આ પ્રસંગે અતિથિ વિશેષ પદે જાણીતા કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યા, અરૂણ બંસલ અને સુભેશ શર્મા પણ ઉપસ્થિત રહેશે. બે દિવસીય આ સંમેલનમાં જાણીતા જ્યોતિષીઓ અને જ્યોતિષ શીખનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું પણ આયોજન છે. ઉપરાંત ચૈતન્ય શંભુ મહારાજ, સર્વદમન જોષી, નલિન પંડ્યા જેવા જાણીતા જ્યોતિષીઓ દેશ અને દુનિયામાં ફેલાઈ રહેલી અરાજકતા અને અશાંતિ બાબતે ચર્ચા કરી તે માટેના ઉપાયો સૂચવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું છે.

# ‘વિશ્વકર્મા’ના આંગણે એન્જિનિયરોની ક્રિએટીવિટીની કમાલ

વિશ્વકર્મા એન્જિનિયરીંગ કોલેજમાં યોજાયેલા ટેક ફેસ્ટ-૨૦૧૬ના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભારતની યુવા બ્રેઈન ટેન્ક દ્વારા રોબોટ, ડ્રોન, બ્રિજ, ગ્લેડિએટરથી લઈ એમેચ્યોર ફોર્મ્યુલા વન રેસ જેવી ટેકનીકલ ઈવેન્ટમાં એન્જિનિયરોએ એમની ટેલેન્ટથી ઈનોવેટીવ આઈડિયાને સાકાર કર્યા

રેડી, સ્ટેડી, ગેટ, સેટ, ગો... કાર રેસિંગ માટે લાઈનમાં લાગેલી મોડિફાઈડ ગાડીઓને ફ્લેગ ઑફ કરાયો અને એક બાદ એક ગાડી ઘરઘરાટ કરતી ટ્રેક પર દોડવા લાગી... એમેચ્યોર ફોર્મ્યુલા વન જેવી જ રેસિંગ, આડા-અવળા રસ્તા, માટી, કિચડ, બમ્પ, મોટા ટેકરા અને આવા જોખમી ટ્રેક પર કાર રેસિંગ જામી... આ કાર રેસિંગ અમદાવાદની નામાંકિત એન્જિનિયરીંગ કોલેજના મેદાનમાં હતી અને આમાં ભારતભરની ૩૦ ટીમો ભાગ લઈ રહી હતી... આશ્ચર્યની વાત તો હવે આવે છે, આ બધી કાર બનાવનાર અને ચલાવનાર એન્જિનિયરીંગ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ હતા...

ભારતનો આ બીજા નંબરનો વિશાળ ટેક ફેસ્ટ હતો. આ ઈવેન્ટની ખાસિયત એટલી જ કે આ ૧૫ હજાર વિદ્યાર્થીઓની મેગા ઈવેન્ટનું આયોજન પણ વિદ્યાર્થીઓ દ્વારા જ કરાયું, સ્વાભાવિક છે કે પ્રોફેસર કે જીટીયુ એમને મદદ કરે જ, પણ ગ્રાઉન્ડ લેવલનું બધું માઈક્રો આયોજન આ હોનહાર વિદ્યાર્થીઓએ કર્યું. પ્રત્યેક ઈવેન્ટ, સેમિનાર, વર્કશોપ માટે બે મેનેજર અને બાકી વૉલિએન્ટર્સની ટીમ તૈયાર થઈ. વિશાળ કોલેજ, અનેક વિભાગો અને ટેલેન્ટનો જબરદસ્ત મેળાવડો એટલે ટેકનીકલ ટેક ફેસ્ટ...

વિશ્વકર્મા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજુલ ગજ્જરે ઉત્સાહિત થઈને કહ્યું કે, ‘આ ટેકફેસ્ટમાં ૧૯૦ કૉલેજ ભાગ લઈ રહી છે. ૧૫ હજાર વિદ્યાર્થીઓ, અનેક મુલાકાતીઓ સાથે ટેકનીકલ પ્રોજેક્ટ્સ, મોડેલથી ભવિષ્યની એન્જિનિયરોની આખી બેચ અહીંથી કંઈક વિશેષ બતાવીને સૌનું ધ્યાન ખેંચી રહી છે. રોબોટ ચાલે છે, ડ્રોન ઉડે છે, ગ્લાઈડર હવામાં જઈ રહ્યું છે અને વિદ્યાર્થીઓએ બનાવેલી મોડિફાઈડ ગાડીઓ ફોર્મ્યુલા વન જેવી રેસિંગ કરી રહી છે. આ આખુંય ચિત્ર શાઈનીંગ ઈન્ડિયાનું દર્શન કરાવે છે.’

ટેકનિકલ ઈવેન્ટ્સમાં રિવર્સ એન્જિનિયરીંગ, અર્બનિઝમ,




કોર્પોટ્રેડ, લેઝર મેઝ, લોજીકલ વર્મ, ડેમો કાર, ટ્રેમોર ટેરર... એક ઈવેન્ટમાં બે મેનેજર :ટાઉન અર્બનિઝમ - વિમેશ દોશી, દર્શન યાદવ, અર્થક્વેક રેઝિસ્ટન્સ - ચેંગા દાવા, મિલોની શાહ, સાયબર હંટ - ટેરેન્સ ક્રિશ્ચિયન, આયુષ સોની, ન્યૂઝપેપર ફ્રન્ટ પેજ - હેતલ શાહ, મયુરી લવડીયા... એક એક ઈવેન્ટના કન્સેપ્ટ અને પ્રેક્ટીકલ જોતાં જ વાહ બોલી જવાય...

વિશ્વકર્માના આંગણે માત્ર પ્રોજેક્ટ્સ જ હતાં એવું નહીં, અહીંયા પ્રેક્ટિકલ શિખવા મળે એ માટે વર્કશોપનું પણ આયોજન થયેલું. વિવિધ વસ્તુ શિખવા ગુજરાતની એન્જિનિયરીંગ કોલેજના યુવાનો અનહીં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવીને આવેલાં. અવનવાં વર્કશોપમાં ગ્લાઈડો મેનિયા-રિદ્ધિ થોરાત, દશ્ય ક્રિશ્ચિયન કે જેમણે બધાંને ગ્લાઈડ બનાવતાં અને ઉડાડતાં શિખવાડ્યું... ગુગલ કિ-બોર્ડ - મિત દેસાઈ, યશ પરીખ, ૩ડી પ્રિન્ટર - ઉર્વિશ નારવાણીયા, દૃષ્ટિ ચૌહાણ, એથિકલ હેકિંગ - મિતાલી પ્રજાપતિ, રિતુ શર્મા, ડ્રોન મેકિંગ - હિરેન, મનિષ ગૌતમ કે જેમણે ડ્રોન બનાવી રિમોટથી ઑન ઑર કરી બતાવ્યું...

નોન ટેકનિકલ ઈવેન્ટની અંદર લેન ગેમિંગ, યુથ પાર્લામેન્ટ, વર્ચ્યુઅલ સ્ટોક માર્કેટ, વિશ્વકર્મા વિલા, વોટર વૉર જેવી ગેમ્સથી મોજ કરાવી તો મેનેજમેન્ટ ઈવેન્ટમાં સ્માર્ટ મેનેજર સાથે પ્રાચી ગોડબોલે, નીલ હતાં... સોલાર ઊર્જા લેમ્પ - તીર્થરાજ જાડેજા, વિશ્વેસ પટેલ તો કેમો મિસાઈલ સાથે સંગીતા વાળા, જ્યોતિ નકુમ હાજર હતાં...

સ્માર્ટ સિટી, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, હેકેથોન, ઓલ ટેરેન વેહિકલ, પુશ ધ પેડલ ટુ ધ મેડલ... જેવી યંગ બ્રિગેડની થિંગ ટેન્કમાંથી નીકળેલ ઈનોવેટિવ આઈડિયા સાથેના અગણિત પ્રોજેક્ટ્સ અને મોડેલ્સનો લાભ અહીં સૌને મળ્યો. આટલું ટેલેન્ટ જોયા બાદ અવશ્ય કહી શકાય કે ભારતના યુવાનોમાં આત્મવિશ્વાસ અને પ્રતિભા ભારોભાર પડેલાં છે.

#### એક ઔર વાહ

એન્જિનિયરીંગ ક્ષેત્રે અનોખી નામના ધરાવતી વિશ્વકર્મા કૉલેજની સ્ટ્રક્ચરલ ડિઝાઈન ગાંધીનગરના આર એન્ડ બી ડિપાર્ટમેન્ટમાં કામ કરતા આઈઆઈટી ઍન્જિનિયર પંકજ ગાંધી સાથે નિઝામ વોરાએ મળીને કરી છે. ગાંધીનગરના જ વસંત સોની અને વિધાતા બિલ્ડર્સના રજનીભાઈ પટેલે આ આર્કિટ્રેક્ચરલી સુંદર બિલ્ડીંગ બનાવ્યું છે.



## વાચકોને આમંત્રણ

**‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

માર્ચ માસનો વિષય છે :

**‘મારા પપ્પા એટલે મારા પપ્પા’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે